ભોપાલ, 16/2/2009

# સ્વર્ણ જયંતી સમારંભની માહિતી

આત્મીય સભ્યગણ,

અત્યન્ત હર્ષનો વિષય છે કે **શ્રી ગુજરાતી સમાજ, ભોપાલ** સ્થાપનાનાં 50 વર્ષ પૂરા કરી રહ્યુ છે. 50 વર્ષ પહેલા નાના પાયે શરૂ થયેલ સમાજે આજે એક મોટુ સ્વરુપ લીધુ છે અને 50 વર્ષનાં સમયનાં ગાળામાં ભોપાલમાં વસતા ગુજરાતી પરિવારોને સ્નેહથી બાંધી રાખ્યા છે. સમાજનાં જીવનચક્રનાં આ ઐતિહાસિક મુકામનાં સાક્ષી બનશું આપણે બધા - સમાજનાં સભ્ય પરિવાર.

8 ફેબ્રુવારી, 2009નાં રોજ ગોઠવવામાં આવેલ અસામાન્ય સાધારણ સભામાં લીધેલ નિર્ણય મુજબ સમાજનોં સ્વર્ણ જયંતી સમારંભ 27-28 માર્ચ, 2009 (શુક્રવાર-શનિવાર) ના રોજ ભોપાલમાં ઉજવવામાં આવશે જેની માહિતી નિચે મુજબ આપવામાં આવી રહી છે.

## બે-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી

**વિષય**

સમારંભનું મુખ્ય આકર્ષણ રહેશે, **'ગુજરાતથી બહાર વસતા ગુજરાતિયોનું ભારતનાં અર્થતંત્ર, સામાજિક જીવન અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં યોગદાન'**, વિષય ઉપર બે-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન.

**સંગોષ્ઠીનો હેતુ**

આવી સંગોષ્ઠીનાં આયોજનની મહત્તા એટલે વધી જાયે છે કેમ કે ગુજરાત રાજયમાં વસતા ગુજરાતિયોનેં તો રાજયમાં જ ઘણું સારૂ સમન્વય મળે છે પણ ગુજરાત રાજયથી બહાર વસતા ગુજરાતિયોનેં આવા સુઅવસર ભારતનાં વૃહદ્ ભૌગોલિક સ્વરુપનાં લીધે ઓછાજ મળી શકે છે. આખા દેશમાં 200થી વધુ ગુજરાતી સમાજ ગુજરાત રાજયથી બહાર વસતા ગુજરાતિયોનેં સંગઠિત કરવાનું કાર્ય કરે છે અને તેઓનાં સભ્યોનેં દેશનાં ઉત્થાનમાં પોતાની અને સમાજનાં અસ્તિત્વની જવાબદારી, યોગદાન અને તેની મહત્તા સમઝવા માટે સમન્વયની જરૂરત છે. **શ્રી ગુજરાતી સમાજ, ભોપાલ** તરફથી આ રાષ્ટ્ર-સ્તરીય સંગોષ્ઠી કરી પોતાની મહતી જિમ્મેદારીનું નિર્વહન કરવામાં આવી રહ્યુ છે.

ગુજરાતથી બહાર વસતા ગુજરાતિયો માટે આવા સમન્વયનાં પ્રયાસ ભારતવર્ષનાં બીજા ગુજરાતી સમાજ પણ ભવિષ્યમાં કરશે તેવી આશા રાખીયે છીયે.

**પ્રમુખ વકતા**

દેશને નવી દિશા અને વિચાર આપવામાં ગુજરાત ગૌરવ રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી અને લૌહ પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલનાં ક્રમમાં

કેટલાય નામ ગણાવવામાં આવી શકે છે. આ સંગોષ્ઠીમાં પોતાનાં વિચાર આપનાં સન્મુખ મૂકવા માટે ભારતવર્ષનાં સંસ્કૃતિ દૂત **શ્રી રમેશભાઇ ઓઝા** (વિશ્વ પ્રસિદ્ધ કથા વાચક), **રિટાયર્ડ ચીફ જસ્ટિસ પી.એન. ભગવતી,** નોલેજ કમીશનનાં ચેઅરમેન **શ્રી સૈમ પિત્રોદા,** ગુજરાત રાજયનાં વડા પ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રીમતી કોકિલાબેન/અંબાણી પરિવાર** (રિલાયંસ ગ્રુપ), **શ્રી રતન ટાટા** (ટાટા સન્સ), **શ્રી અઝીમભાઇ પ્રેમજી** (વિપ્રો), **શ્રી બાહુબલી શાહ** (ગુજરાત સમાચાર), **ડો. ગૌતમભાઇ પટેલ** (પ્રખ્યાત શિક્ષા શાસ્ત્રી) અને **શ્રી અજય જાડેજા** (પૂર્વ અન્તર્રાષ્ટ્રીય ક્રિકેટ ખેલાડી) જેવા તેમજ અન્ય પોતાનાં કાર્યક્ષેત્રમાં અતિ સફળ ગુજરાતી મૂળનાં/ગુજરાતી ભાષી મહાનુભાવોનેં આમંત્રણ મોકલાવામાં આવયા છે.

## અમારો આગ્રહ

સમાજની સમગ્ર ઉન્નતિ માટે અને **શ્રી ગુજરાતી સમાજ, ભોપાલની** અસ્મિતાને જાળવી રાખવા માટે જરૂરી છે કે આપણાં સર્વેનાં વિચારવાનાં સ્વરૂપમાં બદલાવ આવે. ઉપર લખેલ વકતાઓને સાંભળયા પછી આપણાં સર્વેનાં વિચાર વેગને નવી દિશા મળશે તેવો પૂર્ણ વિશ્વાસ છે. સમારંભનાં આ ખંડમાં આપની હાજરી સાથે ક્રિયાશીલ પ્રતિભાગિતા જરૂરી રહેશે.

## સંગોષ્ઠી સ્થળ

સંગોષ્ઠીનું આયોજન **દરબાર હોલ, હોટલ જહાનુમાં પૈલેસ, શ્યામલા હિલ્સ, ભોપાલ** ઉપર રાખવામાં આવેલ છે.

## વિશેષ નોંધ

1. સમાજનોં આ કાર્યક્રમ એક અનુઠી કાર્યક્રમ છે એટલે ભારતવર્ષમાં સંચાલિત લગભગ બધાજ ગુજરાતી સમાજનાં હોદ્દેદારોં ને સંગોષ્ઠી માટે આમંત્રણ મોકલવામાં આવ્યુ છે.
2. સંગોષ્ઠીને વૈચારિક રૂપથી સમૃદ્ધ બનાવવા માટે આપના અમૂલ્ય સુઝાવ આમંત્રિત છે. સુઝાવ આપ સમાજ કાર્યાલયમાં લિખિતમાં આપી શકો છો અથવા info@bhopalgujaratisamaaj.org ઉપર ઇ-મેલ પણ કરી શકો છો.

## ગુજરાતી સંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ

વિચાર ગોષ્ઠી પછી બન્ને દિવસ સાંઝનાં ગુજરાતી સંસ્કૃતિને પરિલક્ષિત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમ શ્રી ગુજરાતી સમાજ ભવન, ભોપાલ પર રાખવામાં આવેલ છે. આ બાબત આપનાં સુઝાવ આમંત્રિત કરીયે છીયે.

## જમવાની વ્યવસ્થા

બન્ને દિવસ સમાજ તરફથી સભ્યો અને મહેમાનોં માટે સુસ્વાદુ જમણની વ્યવસ્થા કરવામાં આવી છે. બપોરનું જમણ સંગોષ્ઠી સ્થળ તેમજ રાતનું જમવાનું સમાજ ભવન ઉપર રાખવામાં આવેલ છે.

## સ્મૃતિ ચિન્હ

સમાજ તરફથી બધાજ સભ્ય પરિવારો માટે સ્વર્ણ જયંતીનાં ઉપલક્ષ્યમાં એક વિશેષ સ્મૃતિ ચિન્હ આપવામાં આવશે જેની વહેચણી સમારંભનાં દિવસોમાં કરવામાં આવશે.

## સ્મારિકા વિષયક

આ અવસર ઉપર સમાજ તરફથી એક સ્વર્ણ જયંતી સ્મારિકાનું પ્રકાશન પણ કરવામાં આવશે જેના અંદર સમાજનાં સભ્ય પરિવારોની માહિતી પણ આપવામાં આવશે. આ પત્ર સાથે આપને એક ડેટા-શીટ મોકલવામાં આવે છે જેને વહેલી તકે ભરી આપે સમાજ કાર્યાલયમાં આપવી. ડેટા-શીટ ભરતી વખતે યથાસંભવ માહિતી ધ્યાનથી ભરવી. તારીખ *28* ફેબ્રુવારી, *2009* સુધી સમાજ કાર્યાલયમાં પ્રાપ્ત ડેટા-શીટનાં આધાર પર સ્મારિકામાં વસ્તિ-પત્રક છાપવામાં આવશે.

સ્મારિકા માટે આપનાં લેખ, સંસ્મરણ અને ઉદગાર આમંત્રિત કરીયે છીયે. સુવાચ્ય અને સુસ્પષ્ટ અક્ષરમાં આપનો યોગદાન સમાજ કાર્યાલયમાં ગુરૂવાર, તારીખ *26* ફેબ્રુવારી, *2009* સુધી પહોચાડવા વિનતી. (પ્રકાશન વિષયક સર્વાધિકાર સુરક્ષિત.)

આપની પાસે સમાજ વિષયક એવા જૂના ફોટા વગેરે હોય જે કે સ્મારિકામાં પ્રકાશિત કરવાથી સમાજનો ઇતિહાસ ઝલકાય તો સમાજ કાર્યાલયમાં આપી પહોચ લેવી. **સ્કેન કરયા પછી આપના ફોટા આપને સુરક્ષિત પાછા આપવામાં આવશે.**

## ફાળા-રૂપી સહકાર

સ્વર્ણ જયંતી સમારંભ આયોજન સમિતિનો પ્રયાસ છે કે સમાજનાં આ પ્રતિષ્ઠાપૂર્ણ આયોજનમાં સમાજની મૂડી ઓછામાં ઓછી વાપરવામાં આવે. તે માટે આપ સહુથી વિનમ્ર આગ્રહ છે કે આ આયોજન માટે મુકત હસ્તથી ફાળો આપીને સમાજનાં વૈભવને જાળવી રાખશો.

સમાજને અઝી સુધી નિચે લખેલ મુજબ સહકારનોં આશ્વાસન મળી ગયો છે જેનાથી એવી આશાનેં બળ મળે છે કે સમારંભ ભવ્ય રૂપથી ઉજવવામાં કોઇ પણ જાતની તકલીફ પડશે નહીં:

| સ.ક્ર. | સભ્યનું નામ | સહકારનો આશ્વાસન |
|---|---|---|
| 1 | રણજીતભાઇ વિઠ્ઠલદાસ | બજેટનો 30% |
| 2 | રાજૂભાઇ પટેલ-મયૂરભાઇ પટેલ<br>**(મેકસન ગ્રુપ ઑફ ઈંડસ્ટ્રીઝ)** | રૂ. 1.51 લાખ |
| 3 | ભરતભાઇ સુરેન્દ્રભાઇ પટેલ, (સાંખ્ય પ્રકાશ ગ્રુપ) | રૂ. 51000.00 + સ્મારિકા માટે સહકાર |
| 4 | સુમીતભાઇ પોંદા | રૂ. 51000.00 |
| 5 | ભરતભાઇ શાંતિલાલ પટેલ | રૂ. 25000.00 |
| 6 | ચેતનભાઇ પટેલ | રૂ. 25000.00 |
| 7 | ભૂપેન્દ્રભાઇ પટેલ | રૂ. 25000.00નું યોગદાન |

| સ.ક્ર. | સભ્યનું નામ | સહકારનો આશ્વાસન |
|---|---|---|
| 8 | અનૂપભાઇ કાપડિયા | રૂ. 21000.00 |
| 9 | રાજૂભાઇ જે. શાહ | રૂ. 21000.00 |
| 10 | મહેન્દ્રભાઇ વેદ | રૂ. 15000.00 |
| 11 | દિવ્ય શાહ 'નીલ' | રૂ. 15000.00 |
| 12 | અશોકભાઇ પટેલ-સતીશભાઇ પટેલ (પટેલ ફેબ) | રૂ. 11000.00 |
| 13 | દીપક પટેલ 'ઓશો' | રૂ. 11000.00 |
| 14 | જયેશભાઇ માલાણી (લેઝર કટ ઈડસ્ટ્રીઝ) | રૂ. 11000.00 |
| 15 | નરેન્દ્રભાઇ દેસાઇ | રૂ. 2500.00 |
| 16 | નીલેશભાઇ શાહ | રૂ. 2500.00 |
| 17 | કીરિટભાઇ પટેલ | રૂ. 2500.00 + સ્મારિકા માટે સહકાર |

ફાળાનાં સંગ્રહણ માટે સમાજનાં ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઇ પટેલ (મોબાઇલ નં. 9425375593) ને જવાબદારી આપવામાં આવી છે. તેમને પૂરો સહકાર આપવો તેવો આગ્રહ.

આપનો સહકાર સ્મારિકામાં વિજ્ઞાપન રૂપમા પણ સાદર આમંત્રિત છે. સ્મારિકામાં વિજ્ઞાપનનું રેટ-કાર્ડ સમાજ કાર્યાલયમાં ઉપલબ્ધ છે.

## વિસ્તૃત માહિતી

સમારોહની વિસ્તૃત માહિતી આપને જલ્દીજ આપવામાં આવશે. વધુ માહિતી માટે સમન્વયક/સચિવ અતુલભાઈ પટેલ (9827006864) થી સંપર્ક કરવો અથવા સમાજની વેબસાઇટ www.bhopalgujaratisamaaj.org જોવી.

આશા છે કે સમાજનાં સમગ્ર હિત માટે આયોજેલ આ સ્વર્ણ જયંતી સમારંભને આપનાં સહકારથી પાર પાડી શકશુ.

જય હિન્દ! જય ગુજરાત!!

લિ. શ્રી ગુજરાતી સમાજ, ભોપાલની
કાર્યકારિણી (2008-2010) અને
સ્વર્ણ જયંતી સમારંભ આયોજન સમિતિ